# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 24-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : ગુરૂવાર

આકાશવાણી સમાચાર યશ્વિ મહેતા વાંચે છે.

---

1) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય પરિસંવાદ ચાણક્ય સરક્ષણ સંવાદની બીજી આવૃત્તિનું ઉદઘાટન કરશે.
2) જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ આજથી ભારતની ત્રણ દિવસની મુલાકાતે
3) રાજસ્થાનમાં માર્ગ અકસ્માતમાં દાહોદનાં પાંચ વ્યક્તિનાં મોતઃ એકને ગંભીર ઇજા
4) ગંભીર ચક્રવાત 'દાના' આજે મોડી રાત્રે ઓડિશાના દરિયાકાંઠે ટકરાશે
5) ભારત અને ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે રમાનારી ત્રણ દિવસીય વન ડે શ્રેણીનો આજથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પ્રારંભ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *RAJNATH – CHANAKYA*

**સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય સેમિનાર ધ ચાણક્ય ડિફેન્સ ડાયલોગ્સની બીજી આવૃત્તિનું ઉદઘાટન કરશે. તેઓ આ પ્રસંગે ભારતીય**

લશ્કરનાં ગ્રીન ઇનિશિયેટિવ 1.0 અને ડિજિટાઇઝેશન ઓફ IA 1.0. પણ શરૂ કરશે. શ્રી સિંહ વિકાસ અને સલામતી માટે ભારતનાં દ્રષ્ટિકોણ વિષય પર ચાવીરૂપ ભાષણ આપે. લશ્કરી દળના વડા ઉપેન્દ્ર દ્વિવેદી પણ પરિસંવાદને સંબોધન કરશે. બે દિવસનાં આ પરિસંવાદમાં નીતિ ઘડવૈયાઓ, વ્યૂહાત્મક વિચારકો, શિક્ષણવિદો, સંરક્ષણ નિષ્ણાતો અને વિજ્ઞાનીઓ ઉપસ્થિત રહેશે. સંવાદમાં અમેરિકા, રશિયા, ઇઝરાયેલ અને શ્રીલંકાના અગ્રણી વક્તાઓ પણ ભાગ લેશે.

## *PM INTERNSHIP SCHEME*

પીએમ ઇન્ટર્નશિપ સ્કીમ હેઠળ આશરે 280 કંપનીઓ નોંધાઇ છે, જે 1 લાખ 27 હજાર ઇન્ટર્નશિપ તકો ઓફર કરશે એમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે હવે આ સ્કીમમાં કંપનીઓએ ભાગ લેવાની કામગીરી બંધ કરી છે. ઇન્ટર્નશિપ ઓફર નોંધવા માટે ત્રણ ઓક્ટોબરે નોંધણીનો પ્રારંભ થયો હતો. જો કે, યુવાનોની નોંધણી માટેની કામગીરી 12 નવેમ્બરનાં પ્રારંભ સુધી ચાલુ રહેવાની ધારણા છે.

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં ઇન્ટર્નશિપ સ્કીમની જાહેરાત કરી હતી. પ્રાયોગિક ધોરણે અમલી બનનારી આ યોજના માટે 800 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આગામી પાંચ વર્ષમાં આ યોજનાથી આશરે એક કરોડ યુવાનોને લાભ થવાની ધારણા છે. આ યોજના યુવાનોને પ્રતિભાશાળી કર્મચારીઓ શોધતી કંપનીઓ સાથે જોડશે. કંપની બાબતોનાં મંત્રાલય દ્વારા સંચાલિત આ યોજનામાં છેલ્લાં ત્રણ વર્ષમાં સરેરાશ સીએસઆર ખર્ચનાં આધારે ટોચની 500 કંપનીઓ ભાગ લેશે.

## *MAHA- JHARKHAND LIST*

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે વિવિધ પક્ષો વચ્ચે બેઠકોની સમજૂતિ થઈ છે અને પોતાનાં ઉમેદવારો જાહેર કર્યા છે. મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડીનાં સાથી પક્ષો કોંગ્રેસ, શિવસેના, (ઉધ્ધવ ઠાકરે), એનસીપી (શરદચંદ્ર પવાર) વચ્ચે બેઠકોની સમજૂતિ થઈ છે. દરેક પક્ષ 85 બેઠક પર લડશે. બાકીની બેઠકો માટે આજે મંત્રણા થશે. આ બેઠકો નાના પક્ષોને આપવામાં આવશે.

શિવસેના (ઉધ્ધવ ઠાકરે જૂથ)એ 65 ઉમેદવારોની યાદી જાહેર કરતા રાજકીય ગતિવિધી તેજ બની છે. પક્ષે કોપરી-પાચપાખાડી બેઠર પર મુખ્યમંત્રી એકનાથ શિંદેની સામે કેદાર દિઘેને મેદાનમાં ઉતાર્યા છે. શિવસેના (ઉધ્ધવ ઠાકરે જૂથ)ના વડા ઉધ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરે વરલીથી ચૂંટણી લડશે.

ઝારખંડમાં, ઝારખંડ મુક્તિ મોરચાએ અત્યાર સુધી 36, કોંગ્રેસે 21 અને આરજેડીએ છ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ઝારખંડ મુક્તિ મોરચાએ વધુ પાંચ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. તેણે રાંચી બેઠક માટે મહુઆ માજીને મેદાનમાં ઉતાર્યા છે. ઇન્ડિ ગઠબંધનમાં જેએમએમ અને કોંગ્રેસ પ્રત્યેકને 70, જ્યારે આરજેડી અને સીપીઆઇ-એમને 11 બેઠકો ફાળવવામાં આવી છે. .

દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ રાજસ્થાનની એક અને ઉત્તરપ્રદેશની સાત બેઠકોની પેટાચૂંટણી માટેની યાદી જાહેર કરી છે.

## *GERMAN CHANCELLOR INDIA*

જર્મન ચાન્સેલર ઑલાફ સ્કોલ્ઝ આજથી ત્રણ દિવસ માટે ભારતના પ્રવાસે આવશે. તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સાતમા આંતર-સરકારી પરામર્શ સમૂહની IGCની સહ-અધ્યક્ષતા કરશે. IGC એ સરકારી વ્યવસ્થા છે, જેની હેઠળ બંને પક્ષના મંત્રી પોતપોતાની જવાબદારીવાળા ક્ષેત્રો પર ચર્ચા કરીને તેના નિષ્કર્ષનો અહેવાલ પ્રધાનમંત્રી અને ચાન્સેલરને સુપરત કરે છે.

પ્રધાનમંત્રી મોદી અને ચાન્સેલર સ્કોલ્ઝ સલામતી સહયોગ, આર્થિક સહયોગ, સતત વિકાસ ભાગીદારી અને વ્યૂહાત્મક ટેક્નોલોજીના ક્ષેત્રમાં સહયોગ વધારવા પર દ્વિપક્ષીય સંવાદ કરશે. બંને નેતા જર્મનીના વેપારના 18મા એશિયા પ્રશાંત સંમેલનને પણ સંબોધિત કરશે.

## *GOLD SILVER PRICE*

આજે ગુરુપુષ્ય નક્ષત્ર પ્રસંગે સોના ચાંદીના ભાવમાં ઉછાળો આવ્યો છે. સોનું પ્રતિ 10 ગ્રામે 420 થી 450 રૂપિયા વધીને 80 હજાર રૂપિયાને પાર પહોંચ્યું છે, જ્યારે ચાંદીમાં પ્રતિ કિલોગ્રામ 2 હજાર રૂપિયાનો ઉછાળો નોંધાયો છે. બજારોમાં 24 કેરેટ સોનું આજે 80 હજાર, 230 રૂપિયા પ્રતિ 10 ગ્રામે વચ્ચે વેચાઈ રહ્યું છે. એવી જ રીતે ચાંદી અંદાજે 1 લાખ, 4 હજાર 100 રૂપિયા પ્રતિ કિલોગ્રામના ભાવે વેચાઈ રહી છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## *RAJASTHAN ACCIDENT*

રાજસ્થાનના બ્યાવર-પિંડવાડા હાઇવે પર વહેલી સવારે થયેલા એક એકસ્માતમાં ગુજરાતના પાંચ લોકોના મોત થયા છે અને એક મહિલાને ગંભીર ઇજા

પહોંચી છે. કારમાં સવાર તમામ સભ્યો એક જ પરિવારના હતા, તેઓ પિંડવાડાથી જોધપુર તરફ જઈ રહ્યા હતા.

સ્થાનિક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ટાયર ફાટવાને કારણે કાર ડિવાઇડર તોડીને નાળામાં ખાબકી હતી. જેમાં એક બાળક સહિત પાંચના મોત નીપજ્યાં. મુસાફરો દાહોદના રહેવાસી હતા.

## *CYCLONE DANA*-1

પૂર્વ-મધ્ય બંગાળની ખાડી પર સર્જાયેલું ગંભીર ચક્રવાત 'દાના' આજે મોડી રાત્રે ભીતરકણિકા અને ધામરા વચ્ચે ઓડિશાના દરિયાકાંઠાના સ્પર્શે તેવી શક્યતા છે. હવામાન વિભાગએ રાજ્યમાં તેની વ્યાપક અસર સાથે 100 થી 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની આગાહી કરી છે. આવતી કાલે વહેલી સવાર સુધી વાવાઝોડું ત્રાટકવાની પ્રક્રિયા ચાલુ રહેશે. ગંભીર ચક્રવાત હાલ, ઓડિશાના કાંઠાનાં પારાદીપથી 210 કિલોમીટર અને ધામરાથી 240 કિલોમીટર દૂર છે અને તે બંગાળની ખાડીમાં 12 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે.

ઓડિશાના કેન્દ્રાપાડા, બાલાસોર અને મયૂરભંજ જિલ્લાઓ અતિ ભારે વરસાદ સાથે 'દાના'થી સૌથી વધુ પ્રભાવિત થશે. ભુવનેશ્વરના બીજુ પટનાયક આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી આવતી અને જતી તમામ હવાઈ સેવાઓ આજે સાંજે 5 થી આવતીકાલે સવારે 9 સુધી રદ કરવામાં આવી છે.

ભારતીય તટરક્ષક દળએ ચક્રવાત દાના ત્રાટકે તે પહેલાં જાનમાલનું રક્ષણ કરવા શ્રેણીબધ્ધ આગોતરાં પગલાં લીધાં છે. પરિસ્થિતિ પર દળની ઝીણવટભરી નજર છે.

દરમિયાન, સંબંધિત ઝોનલ રેલવેની તૈયારીની સમીક્ષા કરવા ગઈ કાલે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનાં વડપણ હેઠળ બેઠક યોજાઈ હતી, જેમાં રેલ સેવાઓ પૂર્વવત કરવા માટે ચોવીસ કલાકનાં નવ વોર રૂમ સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## *DAP PRICE*

દેશમાં ડાઇએમોનિયમ ફોસ્ફેટ-DAPની અછત હોવાના માધ્યમોના અહેવાલોને રદિયો આપતા સરકારે જણાવ્યું છે કે, આ અહેવાલો ગેરમાર્ગે દોરે છે અને વાસ્તવિક સ્થિતિથી વિપરીત છે. એક અખબારી યાદીમાં રસાયણ અને ખાતર મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે, DAP પરની સબસિડી ઘટાડવામાં નથી આવી અને તેની મહત્તમ છુટક કિંમત- MRP કોવિડનાં સમયથી જ પ્રતિ કિલો 50 કિલોએ એક હજાર 350 રૂપિયા છે. યાદીમાં જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય મંત્રીમંડળે 2024ની રવી મોસમ માટે ડીએપી પરની સબસિડીમાં વધારો કર્યો છે. આ ઉપરાંત, રવી મોસમ માટેની અંદાજપત્રીય ફાળવણી વધારીને 24 હજાર 475 રૂપિયા કરવામાં આવી છે.

## *WOMEN'S CRICKET*

મહિલા ક્રિકેટમાં, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનારી ત્રણ વન ડે શ્રેણીનો પ્રથમ મુકાબલો આજે અમદાવાદમાં નરેન્દ્ર મોદી ખાતે રમાવા જઈ રહ્યો છે.

હરમનપ્રીત કૌરના વડપણ હેઠળ ભારતીય ટીમ આ મુકાબલામાં ઉતરશે. સ્મૃતિ મંધાના, રાધા યાદવ, રેણુકા સિંઘ સાહિતના ખેલાડીઓ ટીમને જીત અપાવા માટે મેદાનમાં ઉતરશે. તો બીજી તરફ મહિલા ટી-20 વિશ્વ કપ વિજેતા સોફી ડેવિડના વડપણ હેઠળની ન્યુઝીલેન્ડની ટીમ ફરી એકવાર જીત સુનિશ્ચિત કરવા માટે મેચમાં ઉતરશે.

ઉલ્લેખનીય છે કે આગામી વર્ષે શરૂ થનાર ICC મહિલા વિશ્વ કપના અનુસંધાનમાં આ ત્રિદિવસીય મેચની શ્રેણી રમાવા જઈ રહી છે.

## *INDIA NEW ZEALAND TEST*

પૂણેમાં આજે શરૂ થયેલી બીજી ટેસ્ટનાં પ્રથમ દિવસે ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને ભારત સામે બેટિંગ પસંદ કરી છે. છેલ્લાં અહેવાલ પ્રમાણે ન્યૂઝીલેન્ડે પ્રથમ ઇનિંગમાં 3 વિકેટે 160 રન કર્યા છે. ભારતે તેની ટીમમાં મોહમ્મદ સિરાજ, કુલદીપ યાદવ અને કેએલ રાહુલની જગ્યાએ આકાશદીપ, વોશિંગ્ટન સુંદર અને શુભમન ગિલનો સમાવેશ થાય છે. દરમિયાન, ન્યૂઝીલેન્ડે તેની ટીમમાં એક ફેરફાર કર્યો છે. તેણે મેટ હેનરીની જગ્યાએ મિશેલ સાન્ટરને સ્થાન આપ્યું છે. બેંગુલુરમાં પ્રથમ ટેસ્ટ હાર્યા બાદ રોહિત શર્માનાં કેપ્ટનશીપ હેઠળની ભારતીય ટીમ આ મેચ જીતીને પુનરાગમન કરવા પ્રયત્ન કરશે.

## *TENNIS VIENA OPEN*

ટેનિસમાં વિયેના ઓપનમાં પુરુષોની ક્વાર્ટર ફાઇનલ ડબલ્સમાં આજે ભારતના રોહન બોપન્ના અને ઓસ્ટ્રેલિયાનાં મેથ્યુ એબ્ડનની જોડીનો મુકાબલો બ્રિટનના નીલ સ્કુપસ્કી તથા ન્યૂઝીલેન્ડના માઇકલ વિનસની જોડી સામે થશે.

આ મેચ ભારતીય સમય પ્રમાણે સાંજે ચાર વાગીને 50 મિનિટે શરૂ થશે.

આ અગાઉ, બીજી ક્રમાંકિત જોડીએ રોબિન હાસ અને જર્મનીના એલેકઝાન્ડર જૈવરેવની જોડીને 2-6, 7-5, 10-05થી હરાવી હતી.